ઇમિગ્રન્ટ્સ (દેશાગતો) માટેની માહિતી:

JERSEY CITYમાં COVID-19નું રસીકરણ





મારી પાસે આરોગ્ય વીમો ન હોય તો પણ શું મારું રસીકરણ થઈ શકે?

હા! યુ.એસ.ના રોગ નિયંત્રણ કેન્દ્રો (CDC)ની કડક જરૂરિયાત પ્રમાણે રસી પ્રદાતાઓ કોઈપણ વ્યક્તિને તેની પાસે આરોગ્ય વીમો ન હોવાને કારણે રસીકરણ માટે ના પાડી શકે નહીં. કેટલાક રસી પ્રદાતાઓ કદાચ આરોગ્ય વીમાની માહિતી માટે વિનંતી કરે, પણ તમારે તે પૂરી પાડવાની જરૂર નથી. CDC એવું પણ જણાવે છે કે રસીકરણો વિનામૂલ્યે પૂરા પાડવા જોઈએ, અને પ્રદાતાઓ તમારું રસીકરણ કરતા પહેલાં તમારા માટે અન્ય તબીબી સેવાઓ પ્રાપ્ત કરવી જરૂરી બનાવી શકે નહીં.[1]

મારી પાસે સોશિયલ સિક્યુરિટી નંબર ન હોય તો પણ શું મારું રસીકરણ થઈ શકે?

હા! રસીકરણ કરાવવા માટે તમારે સોશિયલ સિક્યુરિટી નંબર, વર્ક ઑથોરાઇઝેશન, અથવા કોઈ ઇમિગ્રેશન સ્થિતિની જરૂર નથી. યુ.એસ.ના ગૃહ સુરક્ષા વિભાગ (DHS) એ ફેબ્રુઆરી 1, 2021ના રોજ ઇમિગ્રેશનના માન્ય દસ્તાવેજો ન ધરાવતા ઇમિગ્રન્ટ્સને સેવા આપતા રસીકરણ સ્થળોને તેનો પૂર્ણ ટેકો જાહેર કરીને જણાવ્યું કે "ઇમિગ્રેશનની સ્થિતિને ધ્યાનમાં ન લેતા, DHS દરેક વ્યક્તિને એક વાર પાત્ર બન્યા પછી COVID-19ની રસી લેવા માટે પ્રોત્સાહિત કરે છે."[2]

જો મારી પાસે ઇમિગ્રેશનના માન્ય દસ્તાવેજો ન હોય, તો શું દેશાગમન અને જકાત અમલ-બજવણી (ICE) મારા રસીકરણની માહિતીનો ઉપયોગ મારી ધરપકડ કરવા અને મને દેશનિકાલ કરવા કરી શકે?

તે અત્યંત અસંભવિત છે. તમે Jersey Cityના શહેરમાં રસીકરણ કરાવવાનો પ્રયત્ન કરો ત્યારે તમને તમારી ઇમિગ્રેશન સ્થિતિ પૂછવામાં નહીં આવે. વધુમાં, આરોગ્ય વીમા સુવાહ્યતા અને ઉત્તરદાયિત્વ અધિનિયમ (HIPAA) નામક ફેડરલ કાયદો, તમારા દ્વારા રસી અને અન્ય તબીબી સેવા પ્રદાતાઓને અપાયેલી માહિતીમાંથી ઘણી માહિતી ખાનગી રાખે છે. તમારી પરવાનગી વિના, તમને અથવા તમે રહેતા હો તે જગ્યાને અનન્યપણે ઓળખતી તબીબી માહિતી લગભગ ક્યારેય વહેંચવામાં આવતી નથી.[3] વધુમાં, ICE એ ફેબ્રુઆરી 1, 2021ના રોજ જાહેર કર્યું કે, તે "આરોગ્ય સંભાળની સુવિધાઓ [અથવા રસીકરણ સ્થળો] પર અમલ-બજવણીની કામગીરીઓ કરતા નથી અને કરશે નહીં, સિવાય કે અત્યંત અસાધારણ સંજોગોમાં."[2] જો તમને Jersey Cityમાં રસીકરણ કરાવવાનો પ્રયત્ન કરતી વખતે તમારી ઇમિગ્રેશન સ્થિતિ પૂછવામાં આવે, તો કૃપા કરીને 201-547-5286 પર તેની જાણ કરો.

શું "સાર્વજનિક જવાબદારી (public charge)" ને કારણે રસીકરણ કરાવવાથી મારી ઇમિગ્રેશન સ્થિતિ પર અસર થશે?

ના. Covid-19નું રસીકરણ, પરીક્ષણ અને સારવાર ક્યારેય સાર્વજનિક લાભની જરૂરિયાત વાળા નવા ઇમિગ્રન્ટ્સ પરના "સાર્વજનિક જવાબદારી" સંબંધિત પ્રતિબંધોનો ભાગ રહ્યા નથી. વધુમાં, માર્ચ 9, 2021થી, "સાર્વજનિક જવાબદારી" નો ઇમિગ્રેશન નિયમ ઉપયોગમાં લેવાઈ રહ્યો નથી, અને બાકીનો નિયમ ઘણો ઓછો કડક છે.[4]

વધુ માહિતી માટે અથવા રસીકરણની એપોઇન્ટમેન્ટ ગોઠવવા માટે:

201-373-2316

www.jcnj.org/vaccines

www.covid19.nj.gov/vaccine

આ બુલેટિન ફક્ત સામાન્ય માહિતીના હેતુઓસર જ છે અને તે કાનૂની સલાહ નથી.

સ્ત્રોતો:

1 યુ.એસ.ના રોગ નિયંત્રણ કેન્દ્રો. "CDC COVID-19 રસીકરણ કાર્યક્રમ પ્રદાતા જરૂરિયાતો અને સમર્થન." 03/26/2021.

2 યુ.એસ.નો ગૃહ સુરક્ષા વિભાગ. "COVID-19ની રસીઓ અને રસી વિતરણ સ્થળોની સમાન સુલભતા વિશે DHSનું નિવેદન." 02/01/2021.

3 રાષ્ટ્રીય દેશાગમન કાયદા કેન્દ્ર. "આરોગ્ય સંભાળ પ્રદાતાઓ અને દેશગમનની અમલ-બજવણી: તમારા અધિકારો જાણો, તમારા દર્દીઓના અધિકારો જાણો." એપ્રિલ 2017.

4 યુ.એસ.ની નાગરિકતા અને દેશાગમન સેવા. "સાર્વજનિક જવાબદારી." 03/19/2021.

#HealthierJC

JerseyCityNJ
JerseyCity
jerseycitynj